# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

## સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૬-૧-૨૦૨૧, મંગળવાર




# આજે હિંમતનગર, મોડાસામાં જિલ્લા કક્ષાના રાષ્ટ્રના પ્રજાસત્તાક પર્વની સાદગીથી ઉજવાશે

**કોરોનાના કારણે સાંસ્કૃતિક કાર્યક્રમો મુલત્વી રહ્યા, માત્ર ૨૦૦ થી ૩૦૦ લોકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન**

(બાયડ, તા.૨૫)

રાષ્ટ્રના ૭૨ મા પ્રજાસત્તાક પર્વની સાબરકાંઠાના વડામથક હિંમતનગર અને અરવલ્લીના મોડાસામાં સાદગીપૂર્વક ઉજવણી કરાશે. કોરોનાના કારણે તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત અન્ય કાર્યક્રમો મુલત્વી રાખવામાં આવ્યા છે. ઉજવણી સ્થળે માત્ર ૨૦૦ થી ૩૦૦ લોકોની ઉપસ્થિતિનો નિર્ણય લેવાયો છે. જો કે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની પ્રજા કોરોનાના ડરને ભૂલીને પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈને પૂર્વ સંધ્યાએ થનગનાટ જોવા મળ્યો.

વૈશ્વિક મહામારી બનેલા કોરોનાએ વર્ષ-૨૦૨૧ના આરંભે પણ તેની અસર વિવિધ ઉત્સવ અને પર્વોમાં દેખાઈ રહ્યો છે.



ત્યારે તા.૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે સાબરકાંઠા, અરવલ્લી વહીવટી તંત્ર દ્વારા સાદગીપૂર્વક પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવાનો નિર્ણય કરાયો છે. અરવલ્લીના વડામથક મોડાસામાં જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર ઈજનેરી કોલેજ મેદાનમાં તિરંગો લહેરાવશે. જ્યારે સાબરકાંઠાના વડામથક હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ઈન્ચાર્જ કલેક્ટર ડૉ.રાજેન્દ્ર પટેલ તિરંગો લહેરાવશે. કોરોનાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત અન્ય કાર્યક્રમો મુલત્વી રાખવામાં આવ્યા છે. પરંતુ અનેક વિસ્તારોમાં છેલ્લા ૨ દિવસથી રાષ્ટ્રધ્વજનું વેચાણ કરનારાઓએ સાચા અર્થમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો કોરોનાના ડર વચ્ચે સારો માહોલ ઉભો કર્યો છે. પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ પોલીસ દ્વારા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

# ચૂંટણી જંગ રસાકસી ભર્યો બનશે, ચતુર મતદારો મૌન બન્યા

**મોડાસા, બાયડ નગરપાલિકાનો ૨૮ ફેબ્રુઆરીએ ચૂંટણી જંગ, ભરશિયાળે વાતાવરણ ગરમાયું : બાયડ પાલિકાના ઉમેદવારો માટે ભાજપ આજે સેન્સ લેશે, મોડાસામાં પુરુષ - સ્ત્રી મતદારો સરખા, ખરાખરીનો જંગ**

(બાયડ, તા.૨૫)

અરવલ્લી જિલ્લાની મોડાસા અને બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાવવાની જાહેરાત સાથે જ ભરશિયાળે વાતાવરણ ગરમાયું છે. બાયડ પાલિકાના ઉમેદવારોની પસંદગી માટે ભાજપ આજે તા.૨૬ જાન્યુઆરીએ સેન્સ પ્રક્રીયા હાથ ધરશે. બંન્ને નગરપાલિકામાં ૬૮,૧૭૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ૫૮ કોર્પોરેટરોને ચૂંટી કાઢશે. મોડાસામાં પુરૂષ અને સ્ત્રી મતદારો લગભગ સરખા છે. જેથી આ વખતના ચૂંટણી જંગમાં ખાસ કરીને મોડાસા નગરપાલિકામાં મહિલા મતદારોના હાથમાં જીતની કમાન હોવાનું દેખાઈ રહ્યું છે. બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં મોટાપાયે નવા-જૂનીના એંધાણ વચ્ચે ચતુર મતદારો મૌન બની ગયા છે.

**પાલિકા વિસ્તારમાં મતદારો..**

| પાલિકા | કુલ મતદાર | વૉર્ડ | બુથ | સ્ત્રી મતદાર | પુરૂષ મતદાર | અન્ય મતદાર |
|---|---|---|---|---|---|---|
| મોડાસા | ૫૩,૯૦૭ | ૦૯ | ૬૫ | ૨૬,૯૩૧ | ૨૬,૯૭૩ | ૦૩ |
| બાયડ | ૧૪,૨૬૩ | ૦૬ | ૧૮ | ૬,૯૪૨ | ૭,૩૨૧ | ૦૦ |

**બાયડ પાલિકાના ઉમેદવારો માટે ભાજપ આજે સેન્સ લેશે, મોડાસામાં પુરૂષ-સ્ત્રી મતદારો સરખા, ખરાખરીનો જંગ**

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ ઉપર છેલ્લા ૧ વર્ષથી અનેક રાજકીય પક્ષોના આગેવાનોની મીટ મંડાયેલી હતી. પાછલા ૫ વર્ષમાં મોડાસા અને બાયડ નગરપાલિકામાં સત્તાની સાઠમારીમાં શું થયું..?? શું ન થયું..?? તેનાથી મતદારો અજાણ નથી. અરવલ્લી જિલ્લાની બંન્ને નગરપાલિકાઓની એક સાથે જ સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. ભાજપ-કોંગ્રેસ બંન્ને પાલિકાઓ કબજે કરવા માટે છેલ્લી હદનું જોર લગાવશે એ પણ નિશ્ચિત છે. પરંતુ પાલિકાના ચૂંટણી જંગમાં સ્થાનિક વ્યક્તિનો પ્રભાવ પણ હાર-જીતમાં જોવા મળતો હોય છે. જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ પરાકાષ્ટાએ પહોંચશે ત્યારે ભાજપ-કોંગ્રેસ અને ત્રીજા મોરચાએ પણ જરૂર પડે તો જંગમાં ઝંપલાવવાની તૈયારી કરી છે. બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીના બ્યુગલ ફુંકાયા એ સાથે જ ચોક્કસ જ્ઞાતિના મતદારોએ ન બોલવામાં નવગુણ સમજી મૌન ધારણ કર્યું છે. પરંતુ બાયડ પાલિકાનો જંગ અવિસ્મરણીય હશે તેવું રણનીતિ ઉપરથી દેખાઈ રહ્યું છે. બાયડ પાલિકામાં ૧૪,૨૬૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જ્યારે મોડાસામાં ૫૩,૯૦૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરનારા છે. મોડાસામાં ૨૬,૯૭૩ પુરૂષ મતદારો નોંધાયા છે. જ્યારે ૨૬,૯૩૧ સ્ત્રી મતદારો હોવાથી એક રીતે મોડાસા પાલિકામાં પુરૂષ-સ્ત્રી મતદારો સરખા હોવાથી જે રાજકીય પક્ષ મહિલા મતદારોને પોતાના તરફ આકર્ષવામાં સફળ રહ્યો તેની જીત પાક્કી છે. બંન્ને જિલ્લાની બે નગરપાલિકાઓના ૮૩ મતદાન મથકો ઉપર ચૂંટણી યોજવાનું આયોજન હાથ ધરી તંત્ર દ્વારા તમામ મતદાન મથકોનો અભ્યાસ કરી રિપોર્ટ જિલ્લા ચૂંટણી અધિકારીને મોકલવામાં આવ્યો છે.

**ભારે કરી..બાયડ પાલિકાના ૫ વર્ષના શાસનમાં ૬ પ્રમુખ બદલાયા..!!**

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં પણ પાછલા ૫ વર્ષમાં તાલુકા અને નગરપાલિકાના રાજકારણમાં વિદ્રોહ જોવા મળ્યો. બાયડ પાલિકાના ૫ વર્ષના શાસનમાં બાયડના નગરજનોને ૬ પ્રમુખ જોવા મળ્યા. ૫ વર્ષમાં ૬ પ્રમુખની તાજપોષી ઉપરથી જ પ્રજા અને મતદારો સમજી ગયા છે કે પાલિકા વિસ્તારમાં સત્તા માટે કેવી સાઠમારીનું સર્જન થયું હશે..?? વારંવાર સત્તા પલ્ટાવથી ત્રાસેલા મતદારો હવે સ્થિર શાસન ઝંખતા હોય તેવું બને..!!

# જિલ્લામાં શિયાળાની સીઝનમાં ૧૦૦૦ ચેકડેમ તળીયા ઝાટક, તળાવોમાંથી પાણી ઓસરવા લાગ્યાં

**ફેબ્રુઆરી મહિનામાં પાણીની વિકટ સમસ્યાના એંધાણ**

(બાયડ, તા.૨૫)

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝન બરાબરની જામી છે. ગત ચોમાસા દરમ્યાન સારા વરસાદને કારણે હમણાં સુધી તળાવો,



ચેકડેમોમાં પાણીનો જથ્થો સંગ્રહીત હતો પરંતુ જેમ જેમ શિયાળો આગળ વધી રહ્યો છે તેમ ચેકડેમ તળીયા ઝાટક થવા લાગ્યા છે તેની સાથે તળાવોમાંથી પણ પાણી ઓસરવા લાગ્યાં છે. બંન્ને જિલ્લામાં હાલની સ્થિતિએ ૧૦૦૦થી પણ વધુ ચેકડેમ કોરો ધાકોર થઈ જતાં આગામી ફેબ્રુઆરી મહિનામાં પાણીની વિકટ સમસ્યાના એંધાણ છે. જ્યારે ચોમાસા દરમ્યાન બેકાંઠે વહેતી થયેલી નદીઓ પણ હવે પાણીનો જથ્થો ગુમાવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા જે રીતે ચેકડેમ, તળાવોમાંથી પાણીનો જથ્થો ઘટી રહ્યો છે તેને ધ્યાનમાં રાખી પાણીનું આગોતરૂ આયોજન કરવું પડે તેવું ચિત્ર ઉપસ્યું છે.



ઉત્તર ગુજરાતમાં હંમેશાં પાણીની સમસ્યાથી પીડાતા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી પાણીનું સંકટ કાયમ માટે દૂર કરવા માટે જળસંચય યોજના અંતર્ગત તળાવો ઉંડા કરવા, ચેકડેમ તૈયાર કરવા સહિતના કામો કરવામાં આવ્યા હોવા છતાં દર વર્ષે ઉનાળામાં પાણીની સમસ્યા પ્રગટ થતી હોય છે. પ્રજાને બારેમાસ નિયમિત શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે એસ.કે.-૨, ૩ સહિતની યોજનાઓ પાણી પુરવઠા યોજના દ્વારા કાર્યરત કરાઈ છે પરંતુ પાણીનો મોટો આધાર ચોમાસા દરમ્યાન જળાશયોમાં સંગ્રહ થયેલા પાણી ઉપર રહેતો હોય છે. જિલ્લામાં ગત ચોમાસામાં તમામ વિસ્તારોમાં વરસાદે સાર્વત્રિક મહેર કરી હતી જેના કારણે નદી, તળાવ અને ચેકડેમો પાણીથી જળતરબોળ થઈ જતાં ભૂગર્ભ જળસ્તરને તેનો ફાયદો થવાની સાથે ખેડૂતોને સિંચાઈનો પણ મહત્તમ લાભ વર્તમાન સીઝનમાં મળ્યો છે પરંતુ હવે સ્થિતિ સતત બદલાઈ રહી છે. જિલ્લામાં ૧૦૦૦થી પણ વધુ ચેકડેમ શિયાળાની સીઝન દરમ્યાન જ તળીયા ઝાટક થઈ ગયા છે. જ્યારે તળાવોમાંથી પણ પાણી ક્રમશઃ ઓસરવા લાગ્યાં છે તેજ રીતે જીવાદોરી સમાન ગણાતી નદીઓ પણ હવે છીછરા ખાબોચિયાના સ્વરૂપમાં બદલાઈ રહી છે જેથી આગામી ફેબ્રુઆરી માસમાં પાણીનું વરવું ચિત્ર સામે આવવાના અણસાર છે.

# હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લા કક્ષાનું હિન્દુ યુવા સંગઠન કાર્યાલય ખુલ્લું મૂકાયું

**સંત-મહંતોનું ઉષ્માભર્યું સ્વાગત**




(હિંમતનગર, તા.૨૫)

સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં જિલ્લા કક્ષાના હિન્દુ યુવા સંગઠનનું કાર્યાલય ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, નિરંજન અખાડા મહાકાલી મંદિર-બેરણાના સચિનગીરી મહારાજ સહિત સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સંગઠન દ્વારા જરૂરતમંદ લોકોને તેમની જરૂરીયાત મુજબ સેવાઓ આપવામાં આવે છે. સારી કામગીરીથી સંગઠનનો વિસ્તાર વધી રહ્યો છે તેનો શ્રેય સંગઠનના પાયાના કાર્યકરોને આપવામાં આવ્યો હતો.

હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠાની નેત્રદિપક કામગીરીની સર્વત્ર નોંધ લેવાઈ રહી છે. ત્યારે વિધિવત રીતે હિંમતનગરના દુર્ગા બજારમાં જિલ્લા કક્ષાના કાર્યાલયને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જેમાં બી.એ.પી.એસ. સંસ્થાના કોઠારી સ્વામી મંગળપુરૂષ, કૌશલમૂનિ સ્વામી, જુનાગઢ હનુમાન મંદિરના મુરલીદાસજી મહારાજ, કાટવાડ શનિદેવ મહારાજ મંદિરના શનારામ મહારાજ તેમજ સંતો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સંતો-મહંતોનું ઉષ્મા ભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. સંગઠનના ઉત્તર ગુજરાતના અધ્યક્ષ ભ્રુગુંવેન્દ્રસિંહ કુંપાવતે નવા નિયુક્ત કાર્યકરોને સન્માનપત્ર આપી પ્રોત્સાહીત કર્યા હતા તેમજ તેમની દિવસ-રાતની લોકઉપયોગી કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી.



હિમતનગરમા પોલોગ્રાઉન્ડમા આવેલ માણેકકૃપા વિધામંદીરમા સોમવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામા આવતા ૭૫ થી વધુ રક્તની બોટલ એકત્રીત કરવામા આવી હતી આ કાર્યક્રમ મા વિધામંદીરના ટ્રસ્ટી ગિરીરાજ પંડયા, હિમતનગર પાલીકા ચીફઓફીસર યશપાલસીહ વાધેલા, પ્રિન્સીપાલ ગાયત્રી સીન્હા તેમજ શાળા કર્મચારી ગણ તથા સ્ટાફ ઉપસ્થિત રહયો હતી

# શામળાજી પોલીસે અણસોલ નજીકથી ૧.૧૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

**શિયાળાની મોસમમાં વિદેશી દારૂની હેરાફેરી વધી**

(બાયડ, તા.૨૫)

શામળાજી પોલીસે પ્રજાસત્તાક પર્વના એક દિવસ અગાઉ અણસોલ ગામ નજીકથી બોલેરો પીકઅપ ડાલામાંથી રૂા.૧,૧૮,૮૦૦ની કિંમતનો ૩૯૬ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો હતો. અપેક્ષા મુજબ આરોપી ફરાર થઈ ગયો હતો. શામળાજી પોલીસે વાહન ચાલક વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




રાજસ્થાનથી શામળાજી સરહદ દ્વારા ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવામાં બુટલેગરોને કોઈ અડચણ આવતી નથી. જેના કારણે દર મહિને કરોડોનો વિદેશી શરાબ જિલ્લાના માર્ગો ઉપરથી રાજ્યના ખૂણે ખૂણે ઠલવાઈ રહ્યો છે. શામળાજી પી.એસ.આઈ., એ.એમ.દેસાઈ તથા સ્ટાફ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું સઘન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે તા.૨૫ના રોજ સવારે બોલેરો પીકઅપ ડાલુ થોભાવવાનો પ્રયાસ કરતાં ચાલક પોલીસને જોઈને વાહન મૂકી નાસી છૂટયો હતો. પોલીસે શંકાસ્પદ વાહનની તલાશી હાથ ધરતાં તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારૂ ઉપરાંત રૂા.૪ લાખના વાહન સહિત પોલીસે કુલ રૂા.૫,૧૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લીમાં રવી સીઝન માટે મેશ્વો જળાશયમાંથી ત્રીજા રાઉન્ડનું પાણી છોડાયું

**૪૦૦૦ હેક્ટર જમીનના વાવેતરને સિંચાઈનો લાભ**

(બાયડ, તા.૨૫)

અરવલ્લી જિલ્લામાં આ વર્ષે રવી સીઝનની ખેતીમાં ખેડૂતોએ બમણા ઉત્પાદનની આશા સાથે ખેતી પાકનું વાવેતર કર્યા પછી જળાશયોમાંથી તબક્કાવાર રીતે સિંચાઈ માટે પાણી છોડવામાં આવતાં ખેડૂતોને મહત્તમ ફાયદો થઈ રહ્યો છે. તાજેતરમાં સિંચાઈ વિભાગ દ્વારા મેશ્વો જળાશયમાંથી ત્રીજા રાઉન્ડનું પાણી છોડવામાં આવ્યું છે. જિલ્લામાં વર્તમાન ખેતીની સીઝનમાં કુલ ૧,૩૧,૫૫૦ હેક્ટર જમીનમાં રવી વાવેતર સંપન્ન થયું છે. જળાશયમાંથી પાણી છોડવામાં આવતાં મેશ્વો જળાશય કમાન્ડ વિસ્તારની ૪૦૦૦ હેક્ટર જમીનમાં થયેલ રવી વાવેતરને સીધો લાભ થઈ રહ્યો છે.



આ વર્ષે સારા ચોમાસાનો ફાયદો રવી સીઝનની ખેતીમાં ખેડૂતોને થઈ રહ્યો છે. જિલ્લાના મેશ્વો, માઝૂમ, વાત્રક સહિતના જળાશયોમાં પાણીની મહત્તમ આવક થઈ હોવાથી જળાશયોના કમાન્ડ વિસ્તારના બોરકૂવા રીચાર્જ થવાથી પાણીનાં તળ ઉંચાં આવ્યાં છે તેની સાથે ખેડૂતોની માંગ અનુસાર જળાશયોમાંથી પાણી છોડવામાં આવતાં ખેડૂતોને સિંચાઈની સમસ્યાથી ખાસ્સી રાહત થઈ છે. વર્તમાન સમયમાં શિયાળાની સીઝન દરમ્યાન નદી, તળાવ અને ચેકડેમમાંથી ક્રમશઃ પાણીનું સ્તર નીચું જઈ રહ્યું છે પરંતુ મોટા જળાશયોમાં સચવાયેલ જથ્થ રાશિના કારણે સિંચાઈ માટે પાણી છોડાતાં ૪૦૦૦ હેક્ટર જમીનને તેનો સીધો ફાયદો થવાથી ખેડૂતો હરખાયા છે. જિલ્લામાં શિયાળાના આરંભે જ હવામાનમાં બદલાવ આવવાની સાથે કમોસમી માવઠાં અને ત્યારબાદ પણ ખેતીક્ષેત્રે વિષમ પરિસ્થિતિ ઉભી થવાથી ઉત્પાદનમાં ખેડૂતોને નુકસાન જવાની સંભાવના હતી પરંતુ ખેડૂતો દ્વારા સમયસર રાસાયણિક દવાઓનો છંટકાવ તેમજ સિંચાઈ વિભાગ દ્વારા જરૂરીયાત મુજબ જળાશયમાંથી પાણી છોડવામાં આવતાં ઓણ સાલ ઉત્પાદનમાં વધારો થવાની ધારણા ખેડૂતોએ રાખી છે.

# નવા પુલનો વિકલ્પ વિચારવો જરૂરી

**બાયડ નજીકનો વાત્રક પુલ નબળો પડી રહ્યો છે, તંત્રએ પણ બેનર સાથે સ્વીકાર્યું..!! : જો પુલ ક્ષતિગ્રસ્ત થાય તો પરિવહનને માઠી અસરની સંભાવના, ઓવરલોડ વાહનો જોખમી**

(બાયડ, તા.૨૫)

બાયડ નજીકનો ૭૦ વર્ષ જૂનો વાત્રક નદી ઉપરનો પુલ નબળો પડી રહ્યો છે છતાં નવા પુલનો વિકલ્પ વિચારવામાં આવ્યો નથી. તાજેતરમાં જ મોડાસા-બાયડ-કપડવંજ-આણંદ હાઈવેને નેશનલ હાઈવેમાં પરીવર્તિત કરવાનો નિર્ણય લેવાયો છે. આ સંજોગોમાં ઓવરલોડ વાહનો ઉપર અંકુશ મૂકવામાં નહીં આવે તો નબળો પડી રહેલો વાત્રક પુલ હાદસો બની શકે છે. તંત્રએ પણ સમારકામ સમયે પુલ નબળો હોવાનું બેનર મૂકીને સ્વીકાર્યું છે.

જિલ્લામાં ઓવરલોડ વાહનો સામે સખ્તાઈ દાખવવાના બદલે આર.ટી.ઓ. અને પોલીસની મીલીભગતના કારણે ઓવરલોડ વાહનો બેરોકટોક દોડી રહ્યાં છે. જેના કારણે જાહેર સંપત્તિને નુકસાન થતું હોય છે. અગાઉ ઓવરલોડ વાહનોના કારણે આંબલિયારા નજીક માઝૂમ




બ્રીજ તેમજ તલોદ તાલુકાના તાજપુર નજીક મેશ્વો બ્રીજને નુકસાન થતાં મરામતમાં ૨ વર્ષનો સમય નિકળી ગયો હતો અને ૫ જિલ્લાના વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા જેના કારણે ઓવરલોડ વાહનો ઉપર અંકુશ લાવવા જિલ્લા વહીવટી તંત્રને આદેશ આપવામાં આવ્યા પરંતુ શરૂઆતમાં દેખાડા કરી ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી કરી પરંતુ ત્યાર પછી માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આજે પણ બાયડ-દહેગામ, બાયડ-ધનસુરા, ધનસુરા-હરસોલ માર્ગ ઉપર તપાસ કરવામાં આવે તો ઓવરલોડ વાહનો બેરોકટોક દોડી રહ્યાં છે જેથી નબળા પુલ ગમે ત્યારે દુર્ઘટના સર્જી શકે છે. બાયડના વાત્રક નદીનો પુલ નબળો થઈ રહ્યો છે પરંતુ યોગ્ય તકેદારી અત્યારથી જ લેવામાં નહીં આવે તો ગમે ત્યારે દુર્ઘટનાનો ભય છે. પુલના નિર્માણને ૭ દાયકાથી વધુનો સમય થઈ ગયો છે અને હાલ પુલ ઉપરથી દરરોજ ૨૦ હજારથી વધુ નાના-મોટા વાહનોની અવર જવર છે આ સંજોગોમાં નવા પુલનો વિકલ્પ સરકારે વિચારવો પડશે અન્યથા પુલ અવર જવર માટે બંધ કરાશે ત્યારે ટ્રાફીકને માઠી અસરની સંભાવના છે.